ગાંધીનગર સમાચાર

# વિતેલું વર્ષ ભલે 'ગમે તેવું' ગયું હોય, નવું વર્ષ 'ગમે તેવું' જાય એવી અપેક્ષા છે



નૂતન વર્ષે પરમ કૃપાળુ પરમાત્મા મને એવી શક્તિ પ્રદાન કરે કે જેનાથી હું જરૂરિયાતમંદ વર્ગનાં બાળકોને પણ મારી કલા શીખવી શકું.


હું ખાસ કરીને ગરીબ વર્ગની દીકરીઓને જો તેઓ ફી ભરી શકવા સક્ષમ ન હોય તો વિનામૂલ્યે પણ શીખવવા તત્પર છું, જે મારા માટે અહોભાગ્ય ગણાશે. મારી કલા ઘરે-ઘરે પહોંચે અને આ કલા કોઈને મદદરૂપ થાય તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

- અમીબેન વંકાણી
કલાગુરુ - ભરતનાટ્યમ



સરકાર દ્વારા નૂતન વર્ષે એવો પ્રયાસ કરાય કે વાઈબ્રન્ટ સહિત રાજ્ય બહારના જેટલા મોટા કાર્યક્રમો થાય છે તેમાં ગુજરાતની કલા રજૂ કરવા માટે ભલે ગરબો વગેરે રખાય પરંતુ સાથે-સાથે શાસ્ત્રીય નૃત્યોનો પણ એમાં સમાવેશ કરવામાં આવે તો વધુ પ્રતિભાઓને તક મળશે. સરકારે આ ક્ષેત્રે નવી નવી યુવા પ્રતિભાઓને તક આપવી જોઈએ. નૂતન વર્ષ માટે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ એક શાખા કરીને તે વિસ્તારની પ્રતિભાઓને બહાર લાવવી છે તથા સરકારી શાળાઓ - ખાસ કરીને દિવ્યાંગ બાળકોની શાળાઓમાં પણ પ્રતિભાઓ બહાર લાવવા હું તત્પર છું.

- ગાર્ગી પસારી, વિશારદ-કથ્થક



નૂતન વર્ષે નૃત્યકલાનો શહેરમાં વધુ વિકાસ થાય તેવી અપેક્ષા છે. નૃત્યકળા એ જીવનનો ભાગ છે. આપણી યુવા પેઢી પૌરાણિક શાસ્ત્રોથી વિમુખ થઈ રહી છે. નૃત્ય એ શાસ્ત્રોની નજીક લાવે છે. અમે નૂતન વર્ષે વિવિધ વર્કશૉપ વગેરેનાં આયોજન કરી શહેરમાં વધુ ને વધુ નૃત્ય પ્રતિભાઓને ખીલવવા કટિબદ્ધ છીએ.

નૂતન વર્ષે મહિલાઓ પર થતા અત્યાચારો સહિતની અનેક સમસ્યાઓ પ્રત્યે નૃત્ય થકી જનજાગૃતિ ફેલાવવા અમે ભરપૂર પ્રયાસ કરીશું.

- વ્યોમા ભટ્ટ, નૃત્ય પ્રશિક્ષક



વર્ષ ખૂબ મહેનતભર્યું વિત્યું. પણ ત્રણ વર્ષની મહેનત રંગ લાવી અને આખરે ઍમડીઍસની પદવી મળી. આનંદ થયો. સવારે કૉલેજ, સાંજે દવાખાનું ચલાવવાનું... આભાર સાસુ-સસરાનો કે ઘરની જવાબદારીમાંથી મને ખાસ્સી મુક્ત રાખી ને હું આ ધ્યેય પ્રાપ્ત કરી શકી. નવું દવાખાનું પણ બનાવ્યું ને ઘણી નવી શરૂઆતોની મહેચ્છા પણ છે. પતિ મિહિરનો સાથ છે ને એટલે આ મહેચ્છાઓ પણ પૂર્ણ થઈ જશે. અમારે તમારી સેવા કરવી છે, તમારા આશિષ સાથે. નવું વર્ષ આ દિશામાં અમને સહાય કરે એ જ અભ્યર્થના.

- ડૉ. બિન્દી ગજ્જર (ડૅન્ટીસ્ટ)



સુવિધાઓ તો છે, સુખાકારી તો છે, પરંતુ તેમ છતાં હજુ સ્વાસ્થ્યના ક્ષેત્રમાં ઘણું કરવાનું બાકી છે. બહુ દૂર ન જઈએ અને ગાંધીનગર જિલ્લાની જ વાત કરીએ તો સરકારી સુવિધાઓ ઘણી છે, સહાય પણ ઘણી છે પરંતુ તેમ છતાં આરોગ્યવિષયક સુખાકારી ચિંતા ઉપજાવે એવી છે. આ વિષયમાં જો નાગરિકો પણ સજાગ બની જાય તો આ ક્ષેત્રમાં ઘણું સુધારાત્મક કામ આપણે કરી શકીએ તેમ છીએ. અલબત્ત, સમય માગી લેતું કામ છે પણ શરૂ તો કરવું પડશે. આ નવું વર્ષ આ શરૂઆત કરાવનારું સાબિત થાય એવી અપેક્ષા છે.

- ડૉ. જયદીપ ગઢવી



ઈશ્વરની કૃપા તથા આપ સૌના સહકારથી આ વર્ષ ખૂબ જ સુખદ, સફળ અને પ્રગતિશીલ રહ્યું છે. આશા રાખું કે આવનારું વર્ષ પણ આપણા સૌના માટે સુખ-સમૃદ્ધિવાળું, સ્વચ્છતામય અને સ્વાસ્થ્યની દૃષ્ટિએ સુખકર નીવડે. સૌની કુશળતા માટે કામના.

અન્ય ક્ષેત્રોની માફક આરોગ્ય સેવાઓની બાબતમાં પણ ગાંધીનગરનું નામ દેશમાં, દેશ બહાર પંકાય એવી અપેક્ષા નવા વર્ષ પાસે છે.

- ડૉ. મહિપતસિંહ પરમાર



નવું વર્ષ નાગરિકોનાં જીવનમાં ખુશીઓ અને સફળતા લાવી શકે તેવી ઈશ્વરનાં ચરણોમાં પ્રાર્થના સાથે જનસુખાકારી ઈચ્છું છું. ગાંધીનગર શહેર નવા વર્ષમાં વિકાસનાં નવાં સોપાનો સર કરે તેવી વિશેષ અપેક્ષા છે. શહેરને સ્માર્ટ સિટી બનાવવાની દિશા તરફ નક્કર આયોજન હાથ ધરાય તે અનિવાર્ય છે. વધુમાં, ગાંધીનગરનું જનજીવન પણ વધુ તંદુરસ્ત બને, નાગરિકોમાં સુખાકારી વધે તેવી પરમાત્મા સમક્ષ પ્રાર્થના.

- રોહિત રાવલ, શિક્ષણવિદ અને ટ્રસ્ટી
સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર



સ્પોર્ટ્સ, સંગીત, અને નૃત્યની માફક નાટ્યના ક્ષેત્રમાં પણ ગાંધીનગરમાં નવી પ્રતિભાઓ મોટા પ્રમાણમાં પડી છે. પણ અફસોસની વાત એ છે કે સાહિત્યની આ પ્રતિભાઓ ખુલીને, ખીલીને બહાર નથી આવી રહી. લાંબા ગાળે આવી પ્રતિભાઓ અકાળે કરમાઈ જાય એ પહેલાં તેમને શોધીને ખીલવવાનો ને બહાર લાવવાનો અવસર પૂરો પાડવાની શક્તિ, સમજ અને સવલત મળી રહે એવી નવા વર્ષ પાસે અપેક્ષા છે ને આ કાર્ય માટે નાગરિકોના, સમાજભાવકોના સહકારની પણ અપેક્ષા છે.

- મૌન સાધુ, ઍક્ટર



વિતેલું વર્ષ ભલે 'ગમે તેવું' ગયું હોય, નવું વર્ષ 'ગમે તેવું' જાય એવી અપેક્ષા છે.

વિતેલા વર્ષે લીધેલાં નિર્ણયો પછી મળેલા પદાર્થપાઠમાંથી માર્ગદર્શન લઈ આગામી વર્ષે કાર્યોમાં સુધારા કરી આગળ વધવું એવી અપેક્ષા પણ ખરી. ઉપરાંત, સત્ય સ્વીકારવાની હિંમત વધુ બળવત્તર બને અને સત્યને ઉજાગર કરી કલમ દ્વારા સત્યને વાચકો સમક્ષ મૂકવાની આવડત વધુ સ્પષ્ટ બને એવી અપેક્ષા નવા વર્ષ પાસેથી છે.

- જય ઓઝા, સાહિત્યકાર



દરેક દિવસ જીવનમાં કંઈક નવું શીખવે છે. ગત વર્ષ ખૂબ યાદગાર નીવડ્યું છે. મોટાભાગનાં સામાજિક, વ્યાપારિક કાર્યો પૂર્ણ થયાં છે. આગામી વર્ષ પણ આવું જ આશાવાદથી ભર્યું નીવડે એવી અપેક્ષા છે.

આગામી વર્ષે ન્યૂ ગાંધીનગરમાં વસવાટ કરતાં નગરજનો સુધી પ્રેમની મીઠાશ પહોંચાડવાની મંશા છે. નગરજનોનો પ્રેમ અને સાથ-સહકાર મળી રહેશે તેવી અપેક્ષા છે.

- વિપુલ સુખડીયા, વેપારી (રાધે સ્વીટ્સ)

## 'નવા વર્ષ પાસેથી તમારી શું અપેક્ષા છે ?'

આ એક સવાલ અમે ગાંધીનગરની યુવાપેઢીને પૂછ્યો, વિભિન્ન ક્ષેત્રોમાં કાર્યરત યુવાઓને પૂછ્યો અને એમણે જે ઉત્તરો આપ્યા તે અહીં મૂક્યા છે.

આ ઉત્તરો ન માત્ર વ્યક્તિની દીર્ઘ દૃષ્ટિનો કે મહત્ત્વાકાંક્ષાઓનો ખ્યાલ આપે છે, પરંતુ એ પણ સૂચવે છે કે હકીકતે ગાંધીનગરની આવતીકાલ કેવી હશે. આખરે તો યુવાઓ જ આવતીકાલના વાહકો છે અને આવતીકાલ સુધી આજની જિંદગીને એ લોકો જ લઈ જવાના છે એટલે એમના વિચારો, એમની ઈચ્છાઓ અને એમની અપેક્ષાઓ પરથી ભવિષ્યની એંધાણી જાણવાનો અહીં નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.


આશય એક જ છે : જેમ અહીં અલગ-અલગ ક્ષેત્રોના યુવાઓની અપેક્ષાઓ અભિવ્યક્ત કરવામાં આવી છે તેવી જ અપેક્ષાઓ પ્રત્યેક નાગરિકના મનમાં પણ હશે જ. નાગરિક પોતાની અપેક્ષાઓનો પડઘો અહીં અનુભવી શકે અને આ દિશામાં એકજૂથ થઈ પ્રયાસરત થઈ શકે.

એટલે વાચકોને આ દિપાવલી પર્વે નમ્ર અરજ છે, સમાજને અજવાળું આપવા આપણે સૌ એકજૂથ થઈએ- આપણને ગમે તેવા વ્યક્તિઓ સાથે એકજૂથ થઈએ અને પરસ્પર બળ આપી પ્રયાસોને બળવત્તર બનાવીએ; આપણા દીવડા ભલે અલગ હોય, અજવાળાની કામના સૌની સરખી છે.

આપણા દીવડાઓનું એ અજવાળું સમાજને ઉજાળે એવી અપેક્ષા.

શુભ દિપાવલી !

- સંપાદક



ગાંધીનગર પોતાની ઓળખ જેટલી ઝડપથી બદલી રહ્યું છે એનાથીય વધુ ઝડપથી ગાંધીનગરની નવી પેઢી અનેક ક્ષેત્રોમાં પોતાનાં નામ રોશન કરી રહી છે. હવે તો એ રમત, સાહિત્ય, સંસ્કૃતિ અને કલાના ક્ષેત્ર તરીકે ઓળખાય છે ને અલબત્ત, સૌથી રળિયામણા પાટનગર તરીકેની એની ઓળખ દિન-પ્રતિદિન વધુ ને વધુ ગાઢ થતી જાય છે. વિતેલા વર્ષમાં મેંય નવી કલાના ક્ષેત્રમાં પગરણ માંડ્યાં છે ને આ ક્ષેત્રમાં નવી શરૂઆતો કરવાનું પ્રણ લીધું છે. એ પ્રણ પૂર્ણ કરવામાં નવું વર્ષ સહાયભૂત બને એ જ અપેક્ષા.

- કૃણાલ વ્યાસ
વેપારી (પૂજા પાર્લર)



નવું વર્ષ સર્વ ક્ષેત્રો માટે વિકાસપૂર્ણ નીવડે તેવી અપેક્ષા છે. આપણો દેશ નવી ટૅક્સ સિસ્ટમ એટલે કે જીઍસટીના તબક્કામાં પ્રવેશ કરશે. સરકાર દ્વારા લેવામાં આવેલું આ પગલું દેશના વેપારીઓ, નાગરિકો, સર્વ માટે સફળતારૂપ બની રહે અને મોટાં શહેરોની સાથે-સાથે નાનાં ગામોનો પણ વિકાસ થાય, જે થકી આપણો ભારત દેશ વધુ વિકાસનાં શિખરો સર કરે એવી અપેક્ષા છે. નવા વર્ષે અમારા ગ્રાહકોને વધુમાં વધુ સારી સેવાઓ આપવાનો પણ નિર્ધાર છે. ગાંધીનગરનો વ્યાપ વધતો જાય છે ત્યારે અમારા કાર્યનો વ્યાપ પણ વધે તેવા અમારા પ્રયાસો છે.

- મોહક જયેશભાઈ જાટકીયા , વેપારી (અરિહંત)



પસાર થયેલા આપણા ભારતીય વર્ષમાં કરેલાં શુભ કાર્યોને નવા વર્ષમાં આગળ વધારી એક ઊંચાઈ સર કરવાની છે કે જેનાથી આપણા દેશ અને પ્રદેશનું ગૌરવ વધી શકે. વૈશ્વિક ટેક્નોલોજી સાથે સમયનું ચક્ર વધુ તેજ ગતિએ આગળ વધી રહ્યું છે તો આપણે પણ ટેક્નોલોજી સાથે કદમ મિલાવી સિદ્ધિનાં સોપાન પાર પાડવાનાં છે તેવી આશા સાથે નવા વર્ષની ખૂબ શુભેચ્છા. આવો, પ્રકાશના આ પર્વે પ્રાર્થના કરીએ કે કોઈકના જીવનદીપકમાં આપણે પ્રકાશ રેલાવીએ. કોઈક મુરઝાયેલા ચહેરા પર સ્મિત ઝળકાવી શકીએ. ઈશ્વરે આપણને જે આપ્યું છે તેમાંથી બીજાને થોડું વહેંચીએ, આવું એક દિવસ નહીં, આવનારા પ્રત્યેક દિવસે કરીએ.

- ગૌતમ પુરોહિત, પત્રકાર



અત્યારે સરકારી શાળાઓમાં શિક્ષકોની ખૂબ અછત વર્તાઈ રહી છે. સરકારે સત્વરે શિક્ષકોની ભરતી કરી બાળકોના ભાવિને અંધકારમય થતું અટકાવવું જોઈએ. રાજ્યમાં એક પીએચડી થયેલા યુવાનો બેરોજગાર છે. તેમની ભરતી કરીને આ ઘટ પૂરી કરી શકાય જેથી તેમને રોજગારી મળી રહે અને બાળકોને શિક્ષણ. નૂતન વર્ષે અમારો લક્ષ્યાંક શહેરમાં ભીખ માગવાનું કામ કરી રહેલાં જરૂરિયાતમંદ વર્ગનાં શક્ય હોય તેટલાં વધુ ને વધુ બાળકોને શિક્ષણ તરફ વાળી તેમનું જીવન વેડફાતું અટકાવવું તે છે.

- વ્યોમ અમીન
સામાજિક કાર્યકર (સ્કાય ગૃપ)



આજે ચોતરફ અશાંતિ, લોભ, લાલચ, બુરાઈ અને સ્વાર્થની બોલબાલા છે. સેવાકીય પ્રવૃત્તિ પણ હવે સ્વાર્થ સાધવાનું સાધન બની રહી છે. આ સંજોગોમાં નૂતન વર્ષે પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના છે કે આપણાં નગરજનોમાં નિઃસ્વાર્થ અને મોહમુક્ત સેવાકીય ભાવના જગાવે. સાથે-સાથે દરેક નાગરિકમાં દેશભક્તિની ભાવના વધુ ને વધુ પ્રદિપ્ત થાય તેવી પણ પ્રભુને અરજ છે. વ્યક્તિ પોતાની જવાબદારીઓને સાચી રીતે નિભાવે તે જ સાચી રાષ્ટ્રભક્તિ છે તેમ માની સાચા હૃદયથી દેશ પ્રતિ પોતાનું કર્તવ્ય નિભાવે તે જરૂરી છે.

- જીલુભા ધાંધલ
સમાજસેવક (સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા, જુસિકા)



આજના સમયમાં વ્યસનનું દૂષણ માઝા મૂકી રહ્યું છે ત્યારે અમે ગાંધીનગર તથા આસપાસનાં ગામોની શાળાઓમાં બાળકોને નાની ઉંમરથી જ વ્યસનના દૂષણ અંગે જાગૃત કરી વ્યસનમુક્ત જીવન જીવવા પ્રેરિત કરવા કટિબદ્ધ છીએ. અમે નૂતન વર્ષે સરકારી પ્રાથમિક શાળાઓ ઉપરાંત માધ્યમિક શાળાઓ અને કૉલેજો સુધી આ પ્રયાસ લંબાવીશું. આ ઉપરાંત નૂતન વર્ષે શહેરના ખાણી-પીણીના ખૂમચા તથા લારીવાળાઓને હેન્ડગ્લવ્ઝનું વિતરણ કરી સ્વચ્છતા જાળવવા પ્રેરિત કરીશું. નગરજનોના સહકારની અપેક્ષા છે.

- વિજયસિંહ માજીરાણા,
સામાજિક કાર્યકર (ગૂંજ ફાઉન્ડેશન)



નવું વર્ષ, નવાં સ્વપ્ન, નવી આકાંક્ષાઓથી દેદિપ્યમાન થાય તેવી પ્રાર્થના. સૌ કોઈને પ્રણામ.

શિક્ષક છું... ઈશ્વરને પ્રાર્થું છું કે મન, વચન અને કર્મથી શોભી ઊઠું ને વિદ્યાર્થીઓનાં હૃદયને સ્પર્શું તેવો વ્યવહાર આપજે. ભેદભાવ અને પૂર્વગ્રહથી દૂર રહી સરસ્વતી મંદિરની પૂજારણ બનાવશે. શ્રીફળ સમી બહારથી પણ ભીતરે વાણી, વર્તન અને વ્યવહારમાં આપજે. રાષ્ટ્રમાં નીરવ શાંતિ, સ્નેહ વહે... શિક્ષણ અને શિક્ષણ ધામોમાં જ્ઞાનની ધારા સાચા અર્થમાં વહે એ જ મારી અભિલાષા.

- ડૉ. વર્ષા પારેખ, શિક્ષક
(ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ)



દિવાળી એટલે આખા વર્ષ દરમ્યાન કરેલાં કાર્યોનો હિસાબ કરવાનો અવસર. બેસતું વર્ષ એટલે ગત વર્ષમાંથી શીખેલાં નવાં પ્રકલ્પોનો અવસર. આ નવું વર્ષ સૌને સુખાકારી, માનસિક સ્વસ્થતા પ્રદાન કરનારું અને શાંતિમય નીવડે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ચાલો, આપણે સૌ સાથે મળીને હકારાત્મક સમાજનું ઘડતર કરીએ, જ્યાં વ્યક્તિ પોતાની શ્રેષ્ઠતમ શક્તિઓનો ઉપયોગ સમાજ ઉત્થાન માટે કરે અને પરસ્પરને સર્વાંગી વિકાસ માટે સહાયભૂત બને.

- ડૉ. પ્રણવ જોષીપુરા, પ્રાધ્યાપક
(ઉમાબા આર્ટ્સ અને
નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ)



નૂતન વર્ષ નગરના નાગરિકોને ઝળહળતી સફળતા આપે, સ્વચ્છ અને સ્વસ્થ સમાજનું નિર્માણ કરનારું બને અને પડકારોને પહોંચી વળવાની હામ આપનારું નીવડે તેવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે અભ્યર્થના.

નગર વૈશ્વિક સ્તરે કદમ મિલાવવા સજ્જ બને, સ્માર્ટ સિટી તરીકે પાટનગરનો સમાવેશ થાય અને નાગરિકોની પાયાની જરૂરિયાતો પૂર્ણ થાય તેવી હરણફાળ ભરે તેવી પ્રાર્થના.

આવો, દિલમાં દીવો પ્રગટાવીએ, ભીતરથી ઝળહળીએ, મળીએ, ખીલીએ અને વસીએ...

- ડૉ. ચેતના બુચ, પ્રમુખ, જ્યોતિ મહિલા મંડળ



આગામી ૨૨ નવેમ્બરથી એશિયન ચેમ્પિયનશીપમાં અને ત્યારબાદ આગામી વર્ષની વર્લ્ડ ચેમ્પિયનશીપમાં જીતવાનું મારું લક્ષ્યાંક છે.

રાજ્ય સરકાર દ્વારા સામાન્ય ખેલાડીઓની જેમ પેરા ખેલાડીઓને પણ પ્રોત્સાહન પૂરું પડાય તે ખૂબ જરૂરી છે. નૂતન વર્ષે અમને સારું પ્રશિક્ષણ મળી રહે, પૂરતી સુવિધાઓ મળી રહે એ અપેક્ષા છે જેથી હું મારા દેશનું નામ રોશન કરી શકું. કેન્દ્ર સરકાર દ્વારા ગાંધીનગર સાઈ (સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા)ને પેરા ઓલિમ્પિક્સના કેન્દ્ર તરીકે વિકસાવવાનો નિર્ણય ખૂબ આવકારદાયક છે,

- પારૂલ પરમાર (અર્જુન એવૉર્ડ વિજેતા ખેલાડી)



ગત વર્ષે વર્લ્ડ સ્કૂલ ગેમ્સમાં કુશ્તીમાં મૅડલ મેળવ્યા પછી પૅરા ઑલિમ્પિક્સમાં પણ દેવેન્દ્ર ઝાઝરિયા ઉપરાંત કબડ્ડી વર્લ્ડ કપ, નેશનલ વૉલીબૉલ, આઈએચએફ હેન્ડબૉલ વગેરેમાં પણ ખૂબ સારું પ્રદર્શન કર્યું છે. આ વર્ષે સરકારે અમારા સેન્ટરને પેરા ઓલિમ્પિક્સ માટે 'સેન્ટર ફોર એક્સલન્સ' તરીકે વિકસાવવા પસંદ કર્યું છે જે અમારા માટે ગૌરવની વાત છે.

અમે નૂતન વર્ષે અનેક રમતોના ડિપ્લોમા કોર્સિસનો પ્રારંભ કરી રહ્યા છીએ, જે ગાંધીનગરની ખેલ પ્રતિભાઓને બહાર લાવવામાં મદદરૂપ થઈ શકશે.

- આર કે નાયડુ, રિજનલ ડિરેક્ટર,
સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા,



નૂતન વર્ષે સ્પોર્ટ્સ ક્ષેત્રે બાળ પ્રતિભાઓને પૂરતી સવલતો તથા પ્રશિક્ષણ મળી રહે તેવી સરકારે વ્યવસ્થા વિકસાવવી જોઈએ, જેથી રાજ્યમાં રહેલી પ્રતિભાઓ બહાર આવી આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામના પ્રાપ્ત કરી દેશનું ગૌરવ વધારે. નવા વર્ષે અમે કરાટે, ફૂટબોલ તથા ક્રિકેટ જેવી રમતોની નેશનલ ટુર્નામેન્ટનું આયોજન કરવાના છીએ. ગાંધીનગરમાં હેન્ડબોલ, ફૂટબોલ, કબડ્ડી, એથ્લેટીક્સ તથા યોગ જેવી રમતોની અખૂટ પ્રતિભાઓ પડેલી છે. જો યોગ્ય વાતાવરણ પૂરું પડાય તો આ પ્રતિભાઓ વિશ્વકક્ષાએ ઝળકી શકે તેમ છે.

- હરજેન્દરસિંઘ ગીલ, સ્પોર્ટ્સ કો-ઓર્ડિનેટર,
સ્વામિનારાયણધામ ઈન્ટરનેશનલ સ્કૂલ